UK Health
Security
Agency

NHS

## તમારી જાતને ને બચાવો

# મેનિન્જાઈટિસ અને સેપ્ટિસેમિઆ

## MenACWY રસી સાથે



immunisation
the safest way to protect your health

# મેનિન્ગોકોકલ રોગ

**મેનિન્ગોકોકલ રોગ અસામાન્ય કે દુર્લભ છે પણ ખૂબજ ગંભીર અને તાત્કાલિક હોસ્પિટલમાં સારવારની જરૂર રહે છે. તે જીવન-પરિવર્તનશીલ વિકલાંગતાઓ તરફ દોરી શકે છે જેમ કે અંગવિચ્છેદન, સાંભળવાની ખોટ, મગજને નુકસાન અને ડાઘ. તે મેનિન્ગોકોકલ બેક્ટેરિયા ને કારણે થાય છે જે કેટલાક જૂથોમાં વહેંચાયેલા હોય છે. સૌથી સામાન્ય A, B, C, W અને Y હોય છે. શિશુઓ, યુવાન બાળકો, કિશોરો અને યુવાન પુખ્ત વયનાઓમાં મેનિન્ગોકોકલ રોગનું જોખમ સૌથી વધારે હોય છે.**

મેનિન્ગોકોકલ બેક્ટેરિયા મેનિન્જાઈટિસ (મગજના અસ્તરમાં સોજો) કરી શકે અને સેપ્ટિસેમિઆ (જયારે બેક્ટેરિયા લોહીના પ્રવાહમાં પ્રવેશે છે ત્યારે લોહીના ઝેરનું કારણ બની શકે). બન્ને રોગો ખૂબ જ ગંભીર છે અને તે મૃત્યુ ઉપજાવી શકે, ખાસ કરીને જો વહેલું નિદાન ન થાય તો.

મેનિન્જાઇટિસ અને સેપ્ટિસેમિઆ બંને સેપ્સિસનું કારણ બની શકે છે. સેપ્સિસ (Sepsis) એ  કોઇ પણ ચેપ માટે જબરદસ્ત અનેજીવન માટે - જોખમ રોગ પ્રતિકારક પ્રતિક્રિયા છે અને તે પેશીઓને નુકસાન, ઈન્દ્રિયની નિષ્ફળતા અને મૃત્યુ તરફ દોરી શકે.



## મારે રસી લેવાની શી જરૂર છે?

મોટી ઉંમરના કિશોરો અને યુવાન પુખ્ત વયનાઓને મેનિન્ગોકોકલ રોગ થવાનું વધારે જોખમ છે, તેથી તમારી જાતના રક્ષણ માટે હવે તમારે રસી લેવાની જરૂર છે. આ એક સલામત અને ખૂબજ અસરકારક રસી છે કે જે 2015 થી નિયમિત કિશોરવયના કાર્યક્રમનો ભાગ રહેલ છે. તે તમારી આસપાસના બીજા લોકોને ચેપ લાગવાનું જોખમ પણ ઘટાડે છે. તમે બાળક અને નવુ ચાલતા શીખતા બાળક તરીકે MenC રસીકરણ લીધુ હશે પણ આ તમને બીજા મેનિન્ગોકોકલ જૂથો સામે રક્ષણ આપશે નહિ.

MenACWY રસી MenC સામે તમારું રક્ષણ વધારશે અને બીજા ત્રણ મેનિન્ગોકોકલ (meningococcal) જૂથો (A, W and Y) સામે તમારું રક્ષણ કરવામાં મદદ કરશે. આ રસી મેનિન્ગોકોકલ રોગના તમામ સ્વરૂપો સામે તમારું રક્ષણ કરશે નહીં, જેમ કે MenB, અને તેથી ચિહ્નો અને લક્ષણો વિશે જાગૃત રહેવું હજુ પણ મહત્વપૂર્ણ છે

## શું મારે MenACWY રસી લેવી પડશે?

ના, પણ તમારી જાતને સુરક્ષિત રાખવામાં મદદ કરવાની શ્રેષ્ઠ રીત એ છે કે MenACWY રસી લેવી. તમારે, અથવા તમારા માતાપિતા/ વાલીએ, રસી લેવા માટેની સંમતિ આપવી પડશે. જયારે તમે 13-14 વર્ષના હો ત્યારે તમને સામાન્યરીતે વર્ષ 9 માં શાળામાં રસી ઓફ્ર કરવામાં આવશે. જો તમે તમારું રસીકરણ ચૂકી ગયા હો તો ચિંતા કરશો નહિ, જો તમે હજી પણ શાળામાં હોવ અથવા તમારી જીપી પ્રેક્ટિસમાંથી તમારા 25માં જન્મદિવસ સુધી, તમારી શાળાની નર્સ અથવા શાળાની રોગ પ્રતિરક્ષણ ટીમ પાસેથી, મફ્ત MenACWY રસી મેળવવા માટે પાત્રતા ધરાવો છો. MenACWY ની 3 રસીઓ હોય છે તેને MenQuadfi, Nimenrix અને MenVeo કહેવામાં આવે છે, તમે દરદીઓ માટેની માહિતી પત્રિકાઓ અહીંયા વાંચી શકો:

MenQuadfi: **medicines.org.uk/emc/product/12818/pil**

Nimenrix: **medicines.org.uk/emc/product/4118/pil**

MenVeo: **medicines.org.uk/emc/product/2939/pil**

## શું રસકરણથી દુ:ખ થાય છે ?

કોઈપણને ઈન્જેકશનો પસંદ નથી, પણ તે ખૂબજ ઝડપી હોય છે. ઉપયોગમાં લેવામાં આવતી સોંય નાની હોય છે અને તમને ફ્કત એક નાનો નજીવા દુખનો અનુભવ થાય. જો તમે ઈંજેકશન લેવા વિષે  થોડા ગભરાતા હો તો, તમે તે લેતા પહેલાં નર્સ અથવા ડોકટરને કહો.

## ચિહ્નો અને લક્ષણો

**શરૂઆતમાં મેનિન્ગોકોકલ (meningococcal) રોગ ફ્લૂના ખરાબ કેસ જેવો હોઈ શકે. પણ અસરગ્રસ્ત થયેલ કોઈ પણ વ્યક્તિ સામાન્યરીતે થોડા કલાકોમાં ગંભીરરીતે બીમાર થઈ જશે. પ્રારંભિક સારવાર ની સારવાર તમારા જીવનને બચાવી શકે તેથી અમુક મુખ્ય ચિહ્નો અને લક્ષણોથી વાકેફ રહેવું સમજદાર રહે.**

સખત માથાનો દુખાવો

અકકડ ગરદન

ઊંચુ શરીરનું ઉષ્ણતામાન

મૂર્છાઓ / આંચકીઓ

ઊંઘના ઘેનમાં અથવા જાગવામાં મુશ્કેલી


મૂંઝવણ અને/ અથવા ચીડિયાપણું

ઠંડા હાથ અને પગ




આમાંના એક અથવા વધારે લક્ષણો વિકસિત થઈ શકે અને તે કોઈ પણ ક્રમમાં દેખાય શકે અને બે બીમારીઓ વચ્ચે મિશ્ર થઈ શકે. જો તમને અથવા કોઇ એક મિત્રમાં ફિકર- ચિંતાના લક્ષણો જણાય અથવા સ્થિતિ કે જે ઝડપથી ખરાબ થતી હોય તો વહેલાસર તબીબી સલાહ લેવાનો પ્રયત્ન કરવો તે મહત્વપૂર્ણ છે.

**મેનિન્જાઈટિસ અને સેપ્ટિસેમિઆના ચિહ્નો અને લક્ષણો જાણવા તે મહત્વપૂર્ણ છે પછી ભલે જો તમને રસી આપવામાં આવી હોય કારણ કે આ સ્થિતિઓના બીજા ઘણા કારણો હોય છે.**





મેનિન્જાઈટિસ અને સેપ્ટિસેમિઆ ચિહ્નો અને લક્ષણોનું સંપૂર્ણ વર્ણન, તસવીરો અને વિડિઓના સમાવેશ સાથે www.meningitis.org અને www.meningitisnow.org **પર મળી શકે**

*પાછળના પાને જૂઓ 'ગ્લાસ ટેસ્ટ કરો'

## ગ્લાસ ટેસ્ટ કરો

સેપ્ટિસેમિઆ ધરાવતી કોઈ એક વ્યક્તિને તાવ સાથે થોડી ફોલ્લીઓ અથવા વ્યાપક ફોલ્લીઓ થઈ શકે. પાછળથી ફોલ્લીઓ જાંબુડિયા રંગના ડાઘઓમાં વિકસિત થઈ શકે જે દબાણ હેઠળ ઝાંખી થતી નથી. તમે આ માટે પીવાના ગ્લાસની બાજુને ફોલ્લીઓ સામે દબાવીને પરીક્ષણ કરી શકો છો. જો તમને તાવ અને ફોલ્લીઓ હોય, અને દબાણ હેઠળ ફોલ્લીઓ ઝાંખી ન થાય, તો ૭૭૭ પર કોલ કરી અથવા નજીકની હોસ્પિટલના ઈમર્જન્સિ વિભાગમાં તમને લઈ જવા માટે કોઈ એક વ્યક્તિને બોલાવીને તાત્કાલિક તબીબી મદદ મેળવો. કદી પણ ફોલ્લીઓ માટે રાહ ન જોવી. તે મોડુ ચિહ્ન હોઈ શકે અથવા બિલકુલ દેખાય ન શકે. જો કોઈ વ્યક્તિ બીમાર હોય અને ખરાબ થતી હોય તો તાત્કાલિક તબીબી મદદ મેળવો.

કાળી ત્વચા ઉપર, પાપણોની અંદર અથવા મોઢાની છતમાં કે જયાં ડાઘાઓ વધારે દેખાય શકે ત્યાં તપાસ કરો.





## શું કોઈ પણ આડ અસરો હોય છે?

જયાં તમે ઈન્જેક્શન લીધુ હોય ત્યાં થોડો સોજો, લાલાશ અથવા આળાપણુ થવું સામાન્ય છે. તમને માથાનો દુખાવો પણ થઈ શકે અથવા સામાન્ય રીતે થોડી અસ્વસ્થતા અનુભવી શકો પણ આ લક્ષણો એક કે બે દિવસ પછી અદૃશ્ય થઈ જવા જોઈએ. જો તમે કોઈ પણ લક્ષણો વિષે ચિંતિત હો તો હંમેશની જેમ NHS111 અથવા તમારી જીપી (GP) પ્રેક્ટિસ દ્વારા તબીબી સલાહ લેવાનો પ્રયત્ન કરો.



જો તમને રસીની કોઈ પણ શંકાસ્પદ આડ અસરોનો અનુભવ થાય તો, તમે 0800 731 6789 (સવારના 9 થી સાંજના 5, સોમવાર થી શુક્રવાર) પર કોલ કરી યલો કાર્ડ વેબસાઇટ (Yellow Card website) પર અથવા યલો કાર્ડ એપ્પ (Yellow Card app) દ્વારા ડાઉનલોડ કરી આનો રિપોર્ટ કરી શકો છો,

---

**મેનિન્જાઈટિસ માટે નીચેની સખાવતી સંસ્થાઓ માહિતી, સલાહ અને સપોર્ટ પૂરો પાડે છે:**

**મેનિન્જાઈટિસ રિસર્ચ ફાઉન્ડેશન,**
મફત હેલ્પલાઈન 080 8800 3344 –
સોમવાર થી શુક્રવાર, સવારના 9 થી સાંજના 5 વાગ્યા સુધી

**મેનિન્જાઈટિસ નાઉ**, મફત હેલ્પલાઈન
0808 80 10 388 – સોમવાર થી ગુરુવાર, સવારના 9 થી સાંજના 4 અને શુક્રવારે સવારના 9 થી બપોરના 1

---

જો તમને કોઈ પણ પ્રશ્નો હોય અથવા વધારે માહિતી જોઈતી હોય તો, તમારા ડોકટર, સ્કૂલ નર્સ અથવા તમારી ડોકટરની સર્જરિની પ્રેક્ટિસ નર્સ સાથે વાતવીત કરો.

આ પત્રિકા યૂકે (UK) હેલ્થ સિકયૂરિટિ એજન્સિ દ્વારા તૈયાર કરવામાં આવી છે.

© Crown copyright 2024
1P 100K AUG 2023 (APS). Product code: YPMACWY1GU Gujarati.
UK Health Security Agency gateway number: 2024071.
આ પત્રિકા ઓર્ડર અથવા ડાઉનલોડ કરી શકાય: **www.healthpublications.gov.uk**,
માંથી અથવા કોલ કરીને: 0300 123 1002 (લાઈનો સવારના 8 થી સાંજના 6 સોમવાર થી શુક્રવાર ખુલ્લી હોય છે).
આની પેપર નકલોની અંગ્રેજીમાં પત્રિકા ઓર્ડર કરવા માટે મળી રહે છે.